No. of Pages : 6

# Code : PSM-1
# Subject : Gujarati
## Question Paper

Time : 3 Hours | Max. Marks : 200

પ્રશ્ન ૦૧. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં નિબંધ લખો. **20**

૧ (ક) દેશમાં વધી રહેલી આર્થિક અસમાનતાની સમાજ પર થઈ રહેલી અસર

૧ (ખ) સૌર ઉર્જાની ઉપયોગિતા

૧ (ગ) તાણમુક્ત જીવન માટે આવશ્યક પગલાંઓ

MaruGujarat.net

પ્રશ્ન ૦૨. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે કાવ્યપંક્તિઓનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૧૦×૨=૨૦ ગુણ) **20**

૨ (ક) "વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ!
નહિતર અચાનક અંધાર થાશે..."
– ગંગાસતી

૨(ખ) "ટીપી ટીપી બધું તે અવલનવલ ત્યાં અર્પવા ઘાટ એને,
ઝીંકી રહે ઘા, ભુજા હે, લઈ ઘણ, જગને ઘા થકી ઘાટ દે ને!"
– સુંદરમ્

૨(ગ) "લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ, તળિયે જવું,
ઘૂમવાં દિગદિગંતો, શૂળી પર સૂવું,
આજ યૌવન ચહે એહ વિધ જીવવું."
– ઝવેરચંદ મેઘાણી

પ્રશ્ન ૦૩. નીચે આપેલ ગદ્યખંડનો (૧૭૫ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. **15**

'મોટિફનાં દૃષ્ટાંતો'

'મોટિફ' કોને કહે છે તે વધુ વિગતથી સમજીએ. લોકવાર્તાનાં આ લક્ષણો એવાં છે કે જે બીજી કોઈ રીતે આગળ ન વધી શકે તેવા વસ્તુપ્રવાહને આગળ વધવા માર્ગ આપે. દાખલો લઈએ: પક્ષીની બોલીમાં બહાર પડતી ભવિષ્યવાણી. 'દાદાજીની વાતો'માં . મનસાગરા પ્રધાનની વાર્તામાં રાજાનો મિત્ર મનસાગરો રાજાને પદ્માવતી સાથે મહામહેનતે પરણાવી આપી, બેઉને લઈ પાછો રાજ્યમાં જાય છે, ત્યારે રસ્તામાં રાજારાણી ઊંઘે છે, મનસાગરો જાગે છે, ને ઝાડ પરથી ગરૂડ ને ગરૂડપંખણી વળતે દિવસે રાજારાણીને શિરે પડનારી છ ઘાતોની વાતો કરે છે. મનસાગરો પંખી બોલી સમજી શકતો હોઈ છ ઘાતોનું વારણ કરી શકે છે. હવે, આ એક એવી પરિસ્થિતિ હતી કે જેમાં સંદેશા, પત્ર કે માનુષી ચેતવણી પહોંચી શકે નહિ. તે વખતે વાર્તામાં પક્ષીને બોલાવ્યાં છે. તેઓ અંદર અંદર વાર્તાલાપ કરે, ને કોઈક માનવી એ સાંભળી જઈ આગામી જોખમ સામે વારણનાં પગલાં ભરે. આ સંગ્રહમાં પણ 'ચાર સાર'ની વાર્તામાં બે પંખીની ચેતવણી આવે છે. એ હંસ-હંસણી હોય, ચકો-ચકી હોય, પોપટ-મેના હોય કે ગરૂડપંખી-ગરૂડપંખણી હોય. એ પક્ષીજોડાંની વાતચીત વાર્તાનું પ્રધાન વસ્તુ નથી બની જતી, પણ અન્યથા અપ્રાપ્ય એવી મહત્વની માહિતી પૂરી પાડીને આપદનું નિવારણ કરનાર ચાવી બની રહે છે.

પૃ. ૩૩૧, 'લોકસાહિત્ય – ધરતીનું ધાવણ', ઝવેરચંદ મેઘાણી

MaruGujarat.net

પ્રશ્ન ૦૪. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૩×૫=૧૫ ગુણ) **15**

સત્યનિષ્ઠા એટલે શું એ દયાનંદજી પાસેથી જાણવા મળે છે. એમણે કહ્યું હતું: 'સાંપ્રદાયિકતા માણસને માણસનો શત્રુ બનાવે છે, ગળાં કપાવે છે, હિંસા પ્રેરે છે. મનુષ્યધર્મ એ જ જગતધર્મ. સંપ્રદાયો જ અનર્થનું મૂળ છે. તે વિષ છે, તેનાથી મૃત્યુ જ થાય છે.' એક સાધુએ દયાનંદજીને સલાહ આપી: આપણે તો મોક્ષપ્રાપ્તિ માટે પ્રભુભજન, આત્મચિંતન કરવું જોઈએ. દયાનંદજીને કહ્યું: 'તમારી જૂઠી માયાવી મુક્તિ અને મોક્ષ તમને મુબારક. મને ખપે છે દીન, દલિત, શોષિત, પીડિત બાંધવોની મુક્તિ. મારું મોક્ષ તો તેમની અંતિમ મુક્તિમાં સમાયેલું છે.' એક મહંતે ટીકા કરી: 'દયાનંદ તો શૂદ્રવાસમાં બેઠો છે તેથી તે પાપી, ભ્રષ્ટ, અધર્મી કહેવાય. દયાનંદજીનો જવાબ હતો, 'ભાઈ, હું શૂદ્રવાસમાં રહું છું પણ તમે તો અંગ્રેજોના રાજ્યમાં, મલેચ્છોના રાજમાં રહો છો તેનું શું? વિદેશીઓના રાજમાં રહી કાં અભડાઈ જતા નથી?' દયાનંદજી અસ્પૃશ્યને ત્યાં જમ્યા, તેથી કોઈએ કહ્યું: અભડાઈ ગયા! દયાનંદજીએ કહ્યું: જે બીજાની મહેનત-મજૂરી પર તાગડધિન્ના કરે છે, બીજાના પરસેવા ઉપર જે એશ કરે છે, મોજ કરે છે, બીજાનું શોષણ કરીને પોતે મજા કરે છે તેનું અન્ન ત્યાજ્ય હોય. ભાઈ, જે પરસેવો પાડી રોટલો રળે છે તેનું અન્ન, તેનો રોટલો તો સર્વોત્તમ.

પૃ. ૩૧૬, 'ગુજરાતની અસ્મિતા: મારી નજરે', રચના નાગરિક

પ્રશ્નો

15 ૪ (ક) દયાનંદજીનો સાંપ્રદાયિકતા વિશેનો ખ્યાલ શું છે ?

૪ (ખ) દયાનંદજી અંતિમ મુક્તિ શેમાં જુએ છે? શા માટે ?

૪ (ગ) શૂદ્રવાસનાં રોકાણ અંગે અપાયેલી પ્રતિક્રિયાનો દયાનંદજીએ આપેલા ઉત્તરનું કયું અર્થઘટન કરી શકાય ?

૪ (ઘ) દયાનંદજી કેવી જીવનશૈલીને સ્વીકાર્ય ગણે છે ?

૪ (ચ) દયાનંદજીની તર્કશક્તિ કેવી છે ?

પ્રશ્ન ૦૫. (આશરે ૧૫૦ શબ્દો) 10

'અ બ ક' શહેરના પોલીસ કમિશ્નરશ્રીની સફળ કામગીરી બાદ અન્ય શહેરમાં બદલી થઈ છે. પોલીસ કમિશ્નરશ્રી વિદાય સમારંભમાં એમનાં કાર્યકાળ અંગે ઔપચારિક ભાષણ કરવાનાં છે. આ ભાષણ માટેનું લખાણ તૈયાર કરો.

પ્રશ્ન ૦૬. (આશરે ૧૫૦ શબ્દો) 10

'ક ખ ગ' સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સ્ત્રીઓને શારીરિક પજવણીનો સામનો કરીને સ્વસુરક્ષા કેવી રીતે કરવી એ અંગે માર્ગદર્શન આપતા એકદિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ આ અંગે પત્રકાર પરિષદમાં ઉદ્‌બોધન કરશે. આ અંગેનું લખાણ તૈયાર કરો.

MaruGujarat.net

15

પ્રશ્ન ૦૭. (આશરે ૧૦૦ શબ્દો) 10

'ચ છ જ'-અનાથઆશ્રમે કેટલાંક બાળકોનો ઉછેર કરી, તેમને કેળવણી આપ્યા પછી, સંતાન ઇચ્છુક દંપતીઓને કાયદેસર દત્તક આપવાની કામગીરી સફળતાપૂર્વક કરી. અનાથઆશ્રમના સંચાલક આ અંગે પ્રચાર માધ્યમોને જાણ કરતું નિવેદન કરવા માંગે છે. નિવેદનનું લખાણ તૈયાર કરો.

પ્રશ્ન ૦૮. (આશરે ૧૦૦ શબ્દો) 10

તમારી દીકરી કમ્પ્યુટરના ક્ષેત્રે કારકિર્દી બનાવવાના આશયથી અભ્યાસ કરવા અમેરિકા ગઈ અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ છે. એને અભિનંદન અને શુભેચ્છા પાઠવતો પત્ર લખો.

પ્રશ્ન ૦૯. (આશરે ૧૫૦ શબ્દો) 10

હાઇવે પરની હોટલોમાં બાળમજૂરોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે સૂચનો આપતું ચર્ચાપત્ર 'ગ ઘ ચ' વર્તમાનપત્રના તંત્રીને સંબોધીને લખો.

પ્રશ્ન ૧૦. (આશરે ૧૫૦ શબ્દો) **15**

જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા કેદીઓનાં માનસિક સ્વાસ્થ્યની ગુણવત્તા સુધારવાના આશયથી શહેરના પ્રતિષ્ઠિત મનોવૈજ્ઞાનિકને નિમંત્રણ આપીને એક કાર્યશિબિરનું આયોજન કરવા ઇચ્છો છો. તમે જેલ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે, ડી. જી. પી. એન્ડ આઈ. જી. ઓફ પ્રિઝન્સ, ગુજરાત રાજ્યને, આ કાર્યશિબિરનું મહત્વ સમજાવતી અને મંજૂરી માંગતી અરજી લખો.

પ્રશ્ન ૧૧. (આશરે ૧૫૦ શબ્દો) **15**

ગુજરાતના પ્રતિષ્ઠિત 'તરણેતરના મેળા'માં સહભાગી થવાના અનુભવ અંગેનો વિસ્તૃત અહેવાલ લખો.

પ્રશ્ન ૧૨. (આશરે ૧૫૦ શબ્દો) **10**

નવરાત્રિમાં રાત્રે ૧૨ વાગ્યા પછી ગરબા થવા જોઈએ કે કેમ? આ પ્રશ્ન અંગે પોલીસ કમિશ્નરશ્રી અને પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી વચ્ચે થયેલી ચર્ચાને આધારે સંવાદલેખન કરો.

પ્રશ્ન ૧૩. આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. **20**

MaruGujarat.net

My Father put on a brave face in spite of his injures, and took full part in the wedding. As I think of it, I can even today call before my mind's eye the place where he sat as he went through the different details of the ceremony. Little did I dream then that one day I should severely criticize my father for having married me as a child. Everything on that day seemed to me right and proper and pleasing. There was also my own eagerness to get married. And as everything that my father did then struck me as beyond reproach, the recollection of those things is fresh in my memory. I can picture to myself, even today, how we sat on our wedding dais, how we performed the Saptapadi, how we, the newly wedded husband and wife, put the sweet Kansar into each other's mouth, and how we began to live together. And oh! that first night. Two innocent children all unwittingly hurled themselves into the ocean of life. My brother's wife had thoroughly coached me about my behaviour on the first night. I do not know who had coached my wife. I have never asked her about it, nor am I inclined to do so now. The reader may be sure that we were too nervous to face each other. We were certainly too shy. How was I to talk to her, and what was I to say ? The coaching could not carry me far. But no coaching is really necessary in such matters. The impressions of the former birth are potent enough to make all coaching superfluous. We gradually began to know each other, and to speak freely together. We were the same age. But I took no time in assuming the authority of a husband.

Page 09 | The Story of My Experiments with Truth
by
Mohandas K. Gandhi
Source:http://library.aceondo.net/ebooks/HISTORY/AUTOBIOGRAPHY-GANDHI.pdf.

પ્રશ્ન ૧૪. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૨×૧૦=૨૦ ગુણ)

૧૪.૧ : રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો. 2

૧૪.૧ (ક) કાંડાં કાપી આપવાં

૧૪.૧ (ખ) જીવતર પર થીંગડું દેવું

૧૪.૨ : કહેવતોનો અર્થ સમજાવો. 2

૧૪.૨ (ક) દોરડી બળે પણ વળ ન મૂકે

૧૪.૨ (ખ) પારકે ભાણે મોટા લાડુ

૧૪.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો. 2

૧૪.૩ (ક) પીતાંબર

૧૪.૩ (ખ) ગજાનન

૧૪.૪ : પંક્તિઓના છંદ ઓળખાવો. 2

૧૪.૪ (ક) હવે સંકેલાતું સકલ મુજ અસ્તિત્વ મનમાં,
હું અર્ધો જીવું છું, સ્મરણ મહીં, અર્ધો સપનામાં.
- જયંત પાઠક

૧૪.૪ (ખ) ત્રિકાલનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નિરખે થનારને.
- કાન્ત

૧૪.૫ : અલંકાર ઓળખાવો. 2

૧૪.૫ (ક) હૈયાના મ્હેલમાં જેવી કવિતા ચમકી રહે
એવી ગેબી પ્રભાવન્તી ચન્દ્રીની ચન્દ્રિકા વહે.
- ન્હાનાલાલ

૧૪.૫ (ખ) વાહ! શી તમારી હોંશિયારી! આવી ભૂલ કરી બેઠા!

૧૪.૬ : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો. 2

૧૪.૬ (ક) કેફ ચડે તેવાં ઝેરી વચનો

૧૪.૬ (ખ) ગોદડાં મૂકવાની ઘોડી

MaruGujarat.net

૧૪.૭ : શબ્દોની જોડણી સુધારો. 2

૧૪.૭ (ક) ડીસ્પેન્ષરિ

૧૪.૭ (ખ) મૈથીલી

૧૪.૮ : વાક્યોમાં જોડણી અને વાક્યરચનાની ભૂલો સુધારો. 2

૧૪.૮ (ક) નોકર કાલે બિમાર છે.

૧૪.૮ (ખ) હવે પેપરના માર્ક્સ તો કમ્પ્યૂટર દ્વારા ગણવામાં આવતા હતા.

૧૪.૯ : શબ્દોની સંધિ જોડો અને છોડો. 2

૧૪.૯ (ક) સંધિ છોડો | ભૂર્જિત

૧૪.૯ (ખ) સંધિ જોડો | અનુ + અર્થક

૧૪.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો. 2

૧૪.૧૦ (ક) યોગ્ય વિરામચિહ્નો મૂકો.
શું તમે આ પુસ્તક વાંચી લીધું

૧૪.૧૦ (ખ) અર્થ ન બદલાય એ રીતે કર્તરિ વાક્યમાંથી કર્મણિ વાક્ય બનાવો.
તું નિશાળે જાય છે.

MaruGujarat.net